અપીલ અરજી નં.૬૮૪ તા.૧૨–૩–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી સુભાષભાઈ ગોપીનાથભાઈ પાઢી
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (નોર્થઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુભાષભાઈ ગોપીનાથભાઈ પાઢીની તા. ૧૦–૨–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) કતારગામઝોન હદ વિસ્તારમાં બાંધકામ બાબતે તમામે તમામ બાંધકામની પરવાનગીની રજાચિઠ્ઠીની માહિતી (૨) કતારગામઝોન હદ વિસ્તારમાં કેટલા ગેરકાયદેસર બાંધકામ ચાલી રહ્યા છે તેની સર્વે કરી તમામે તમામ ગેરકાયદેસર બાંધકામનાં સર્વે નં., બ્લોક નં. વિસ્તારનું નામની માહિતી(૩) કતારગામઝોન હદ વિસ્તારમાં કેટલા બાંધકામની ઈમ્પેકટ ફી ભર્યા તેની તમામે તમામ બાંધકામની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૨–૩–૧૨ ની **SMC/FAP/** નં.૬૮૪/૨૦૧૧–૧૨

શ્રી સુભાષભાઈ ગોપીનાથભાઈ પાઢીની તા. ૧૦–૨–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) કતારગામઝોન હદ વિસ્તારમાં બાંધકામ બાબતે તમામે તમામ બાંધકામની પરવાનગીની રજાચિઠ્ઠીની માહિતી (૨) કતારગામઝોન હદ વિસ્તારમાં કેટલા ગેરકાયદેસર બાંધકામ ચાલી રહ્યા છે તેની સર્વે કરી તમામે તમામ ગેરકાયદેસર બાંધકામના સર્વે નં., બ્લોક નં. વિસ્તારનું નામની માહિતી (૩) કતારગામઝોન હદ વિસ્તારમાં કેટલા બાંધકામની ઈમ્પેકટ ફી ભર્યા તેની તમામે તમામ બાંધકામની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૨–૩–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈસેલ/૨૦૩૫ તા. ૨૦–૩–૧૨ થી** એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (નોર્થઝોન) તથા અરજદારને પક્ષકાર જાહેર માહિતી અધિકારી સ્પષ્ટ કરવા તથા મૂળ અરજી, બીપીએલ કાર્ડ કે ફી ભર્યાની વિગત જણાવેલ ન હોય તે વિગતો સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાન જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી. જયારે અરજદાર તરફથી પણ કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા. ૧૦–૨–૧૨ ની અરજીથી મુદ્દા નં. (૧) કતારગામઝોન હદ વિસ્તારમાં બાંધકામ બાબતે તમામે તમામ બાંધકામની પરવાનગીની રજાચિઠ્ઠીની માહિતી (૨) કતારગામઝોન હદ વિસ્તારમાં કેટલા ગેરકાયદેસર બાંધકામ ચાલી રહ્યા છે તેની સર્વે કરી તમામે તમામ ગેરકાયદેસર બાંધકામના સર્વે નં., બ્લોક નં. વિસ્તારનું નામની માહિતી (૩) કતારગામઝોન હદ વિસ્તારમાં કેટલા બાંધકામની ઈમ્પેકટ ફી ભર્યા તેની તમામે તમામ બાંધકામની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી કતારગામઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે અરજદારે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ તા. ૧૨–૩–૧૨ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે અંગે અપીલ તબકકે બંને પક્ષકારો પાસેથી પૂરક વિગતો માંગવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પત્ર નં.નોર્થઝોન/આ.નં.૮૪૨૪ તા. ૧–૩–૧૨ થી અરજદારને ઈન્સ્પેકશન કરી માહિતી મેળવવા સમય અવધિમાં જણાવવામાં આવેલ. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો રજૂ કરવામાં આવેલ નથી. વધુમાં અરજદારે અપીલ અરજીમાં માહિતી મળ્યા બાદ નારાજગી હોવાનું અપીલ ફોર્મમાં ટીક કરી જણાવેલ છે પરંતુ તે અંગે

શું નારાજગી છે તે પણ જણાવેલ નથી તેમજ તેમનો પક્ષ રજૂ કરવામાં સફળ રહેલ નથી. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.નોર્થઝોન/આ.નં.૮૪૨૪ તા. ૧–૩–૧૨ થી નિયત સમયઅવધિમાં રેકર્ડની વિગતો ઘણી થતી હોય લંબાણ પૂર્વકની હોય સમય માંગી લે તેમ હોય તમને આ પૈકીમાંથી કઈ કઈ વિગત જોઈએ છે? જે અંગે કતારગામઝોન કક્ષાએ રૂબરૂ રાખેલ દફતરો ચેક કરી જણાવવામાં આવેલ છે. જેમાટે તા. /૦૩–૧૨ નારોજ રૂમ નં.૧૦૯ પહેલો માળ, વહીવટી વિભાગ,નોર્થઝોન , ગોટાલાવાડી, સુરત ખાતે સવારે ૧૧.૦૦ કલાકે હાજર રહેવા જાણ કરવામાં આવેલ છે. વધુમાં રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ–૨૦૦૫ ના નિયમ–૮(ગ) અન્વયે દફતરી તપાસણી માટે પ્રથમ અડધા કલાક માટે કોઈ ફી નહી અને પ્રત્યેક અડધા કલાક માટે ફી રૂા.૨૦/–. વધુમાં જયાં દફતર તપાસ ણીની પધ્ધતિ અને પ્રક્રિયાની ફી ના દરો અસ્તિત્વમાં ધરાવતા હોય ત્યાં તે ફી દરો ચાલુ રહેશે. જે મુજબની જોગવાઈ છે. જો તમને જણાવેલ તારીખે દફતરી તપાસ અંગે ગેરહાજર રહેશો તો માહિતી મેળવવાને તમને કોઈ રસ નથી તેમ સમજી આપની અરજી દફતરે કરવામાં આવશે. તેવું જણાવેલ છે. જેના અનુસંધાને અરજદાર તરફથી ઈન્સ્પેકશન કરી માહિતી મેળવવામાં આવેલ છે કે કેમ? કે અપીલ અરજી દફતરે કરવામાં આવેલ છે તે અંગે બંને પક્ષકારો પૈકી કોઈ પણ પક્ષકાર તરફથી અપીલ તબકકે પ્રકાશ પાડવામાં આવેલ નથી. જો અરજદારે ઈન્સ્પેકશન કરી માહિતી મેળવેલ ન હોય તો જાહેર માહિતી અધિકારીના પ્રસ્તાવ અનુસાર તેમનો સંપર્ક કરી માહિતી મેળવી શકે છે.

અરજદારની પ્રથમ અપીલ તા.૧૨–૩–૧૨ ધ્યાને લેતાં ૧૦–૦૪–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૨૫–૪–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અ ત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૦–૨–૧૨ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી રેકર્ડની વિગતો ઘણી થતી હોય લંબાણ પૂર્વકનીહોય સમય માંગી લે તેમ હોય રૂબરૂ તપાસ ણી અંગ જે પ્રસ્તાવ કરેલ છે તે આરટીઆઈ કાયદાના આમુખમાં જણાવ્યા મુજબ મર્યાદિત નાણાંકીય સાધનોનો મહત્તમ ઉપયોગ કરવા તથા કલમ–૭(૯)અનુસાર સામાન્ય રીતે માહિતી જે સ્વરૂપમાં માંગવામાં આવી હોય તે સ્વરૂપમાં જ પુરી પાડવી જોઈશે,સિવાય કે તેનાથી જાહેર સત્તામંડળના સ્ત્રોતો અપ્રમાણસર રીતે બદલાય અથવા વિવાદગ્રસ્ત રેકર્ડની સલામતી અને જાળવણીને હાનિ થાય તેવી જોગવાઈ કરેલ છે જે આરટીઆઈ કાયદાની કલમ–૭(૯) સાથે સુસંગત છે. આથી અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારી કતારગામે નિયત સમય અવધિમાં કરેલ પ્રસ્તાવ અનુસાર દિન–૭ની અવધિમાં જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી તપાસણી મેળવવા તથા તપાસણી મેળવ્યા બાદ દસ્તાવેજ ફી ભરી જરૂરીયાત મુજબની ખપ પૂરતી નકલો મેળવી શકે છે. અરજદારની તેવી માંગણી થયેથી તેની અમલવારી કરવા એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી કતારગામઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૨

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન) ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી સુભાષભાઈ ગોપીનાથભાઈ પાઢી,